# દિલધડક એર શૉ ના રીહર્સલે નગરજનોના દિલ જીતી લીધા

**ફાઈટર જેટ સુખોઈના અવાજથી નગરના ધાબાઓ છલકાયા : સૂર્યકિરણ ટીમે 'ટેઈલ સ્લાઈડ' અને 'વર્ટીકલ ચીર્લી' કરતબની ઝાંખી રજુ કરી : આકાશ ગંગાની ટીમે હેલીકોપ્ટરમાંથી પેરાટુપર્શ ઉતારીને રાષ્ટ્રધ્વજ બનાવ્યો : આજે વાઈબ્રન્ટ સમિટના ઉદ્‌ઘાટનમાં એર શૉ થશે : સાંજે ટ્રેડ શૉ ના ઉદ્‌ઘાટનમાં ચેતક હેલીકોપ્ટરથી પુષ્પવર્ષા થશે**

ગાંધીનગર, તા. ૮ વાઈબ્રન્ટ સમિટના ઉદ્‌ઘાટનમાં એર શૉ થશે. તેનું રિહર્સલ એરફોર્સ દ્વારા ૭મી જાન્યુઆરીએ કરવાનુ હતુ પરંતુ વાતાવણ અનુકૂળ ન હોવાથી એર શૉનું રિહર્સલ થઈ શક્યું ન હતુ. આજે સવારે ૧૧ કલાકે યોજાયેલા દિલધડક એર શૉ ના રિહર્સલ નગરજનોની ધડકન તેજ કરી દઈને દિલ જીતી લીધા હતા. એરફોર્સની સૂર્યકિરણ અને આકાશ ગંગાની ટીમે અવકાશી કરતબોની ઝાંખી પ્રસ્તુત કરતાં નગરના ધાબાઓ હાઉસફુલ થઈ ગયા હતા. આવતીકાલે ૯ જાન્યુઆરીએ વાઈબ્રન્ટ સમિટના ઉદ્‌ઘાટનમાં મુખ્યમંત્રીની હાજરીમાં એર શૉ યોજાશે અને સાંજે ટ્રેડ શૉ ના ઉદ્‌ઘાટનમાં વડાપ્રધાનની હાજરીમાં ચેતક હેલીકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવનાર છે.

વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૭ના ઉદ્‌ઘાટન પ્રસંગે એર શૉ નું ભવ્ય આયોજન ઈન્ડીયન એર ફોર્સ દ્વારા કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ચાર સુખોઈ આઈટર જેટના કરતબો આકાશમાં કરવામાં આવનાર છે. સૂર્યકિરણ ટીમ દ્વારા આ લડાખુ વિમાનોથી 'ટેઈલ સ્લાઈડ' અને 'વર્ટીકલ ચાર્લી' નામથી ઓળખાતા કરતબો કરવામાં આવનાર છે. જેનુ ફાઈનલ ડ્રેસ રીહર્સલ ગઈકાલે કરવામાં આવનાર હતુ પરંતુ વાતાવરણ અને હવામાન અનુકુળ ન હોવાથી રીહર્સલ થઈ શક્યુ ન હતુ. જે આજે સવારે ૧૧ વાગ્યે કરવામાં આવ્યું હતું.

આકાશમાં દિધડક કરતબો સૂર્યકિરણ ટીમે રજુ કરતા નગરજનોની નજર આકાશ પર ચોંટી જ ગઈ હતી. આ રીહર્સલમાં આકાશગંગાની ટીમે પણ પોતાના કરતબો રજુ કર્યા હતા. હેલીકોપ્ટરમાંથી પેરાટુપર્સ ઉતર્યા હતા અને આકાશમાં રાષ્ટ્રધ્વજ લહેરાયો હોય તેવુ ચિત્ર ઉભુ કર્યુ હતુ. આવતીકાલે સવારે ૧૧ વાગ્યે વાઈબ્રન્ટ સમિટના ઉદ્‌ઘાટન પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં એર શૉ યોજાશે. તે ઉપરાંત સાંજે પાંચ વાગ્યે વડાપ્રધાનની ઉપસ્થિતિમાં ટ્રેડ શૉ ના ઉદ્‌ઘાટન પ્રસંગે એરફોર્સ દ્વારા ચેતક હેલીકોપ્ટર આકાશમાં ઉડાડીને પુષ્પવર્ષા કરવામાં આવશે.









## અભૂતપૂર્વ રોશનીનો ઝગમગાટ નિહાળવા નગરજનોનો ધસારો..!!!

**દરરોજ રાત્રે સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારના સ્વર્ણિમ પાર્કમાં મેળાનો માહોલ સર્જાવાથી ટ્રાફિક જામના દ્દશ્યો સર્જાઈ રહ્યા છે**

વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૭ને અનુલક્ષીને શહેરને ઝગમગ રોશનીથી નવોઢાની જેમ શણગારવામાં આવ્યું છે. શહેરના તમામ મુખ્ય માર્ગો, સર્કલો તથા મહત્વના સ્થળોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. પરંતુ ગાંધીનગરનો સેન્ટ્રલ વિસ્ટા વિસ્તાર તથા સ્વર્ણિમ પાર્ક આવેલ છે તેની રોશની નિહાળવા દરરોજ રાત્રે નગરજનો ઉમટી પડે છે. જેના કારણે આ વિસ્તારમાં નાના મોટા ટ્રાફિક જામના દ્દશ્યો પણ સર્જાઈ રહ્યાં છે.





સ્વર્ણિમ પાર્ક એ હવે ગાંધીનગરનું એક મહત્વનું સ્થળ બની જવા પામ્યું છે અને તે આ શહેરના રહીશો ઉપરાંત મુલાકાતીઓ-પ્રવાસીઓ માટે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ સ્વર્ણિમ પાર્કને વાઈબ્રન્ટ સમિટના પગલે નયનરમ્ય રોશનીથી ઝળહળાં કરવામાં આવ્યું છે. રંગબેરંગી અદ્‌ભૂત રોશનીના કારણે નગરજનોમાં અનોખો રોમાંચ વ્યાપ્યો છે અને દરરોજ રાત્રે શહેરીજનો પોતાના પરિવાર સહિત આ રોશની જોવા માટે મોટી સંખ્યામાં ધસારો કરી રહ્યાં છે. વિવિધ રંગોની રંગબેરંગી રોશનીથી સજ્જ સ્વર્ણિમ પાર્ક, મહાત્મા મંદિર, ઘ-૪ સર્કલ અને વિધાનસભા સંકુલ સહિતના સમગ્ર સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારની નયનરમ્ય તસવીરો અખબારો, ઈલેક્ટ્રોનિક માધ્યમો તથા સોશ્યલ મિડીયા પર પ્રગટ થતા નાગરિકોમાં તેને જોવા-માણવાનો લ્હાવો લેવા ઉમંગ ઉભરાયો છે. માત્ર થોડાક દિવસ પુરતી આ ઝાકમઝોળ રહેનાર હોઈ સૌ કોઈ તેને જોવા-માણવા પોતાના પરિવાર સહિત પધારી રહ્યા છે. અને અહીંથી અદ્‌ભૂત રોશનીની તસવીરો, સેલ્ફી વગેરે થકી પોતાના મોબાઈલ કેમેરામાં કંડારી યાદગાર પળોને કેદ કરી રહ્યાં છે. જો કે નાગરિકોના આ અભૂતપૂર્વ ધસારાના પગલે સમગ્ર સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં રાત્રીના સમયે ટ્રાફિક જામના દ્દશ્યો સર્જાય છે. જેના કારણે નાની મોટી તકરારો, તુ તુ મૈ મૈ ના કિસ્સા થવા પામે છે. વાઈબ્રન્ટ સમિટ માટે તૈનાત પોલીસકર્મીઓને આ ટ્રાફિકની સમસ્યા ઉકેલતા નાકે દમ આવી જતો જોવા મળી રહ્યો છે.

## પોલીસ...પોલીસ... જ્યાં નજર કરો ત્યાં પોલીસ..!!!

**વાઈબ્રન્ટ સમિટના પગલે શહેરમાં ખાખીવર્દી છવાઈ : શહેરના તમામ પ્રવેશદ્વારો, મુખ્યમાર્ગો, સર્કલો તથા મહત્વના સ્થળોએ પોલીસના કાફલા ખડકી દેવાયા**

ગાંધીનગર, તા. ૮ પોલીસ, પોલીસ અને માત્ર પોલીસ... શહેરમાં જ્યાં જ્યાં નજર ફેરવો ત્યાં તમને માત્ર પોલીસ જ દેખાશે. અત્ર, તત્ર, સર્વત્ર... ગાંધીનગરમાં નાગરિકો કરતા પોલીસની હાજરી વધુ દેખાય છે. સમગ્ર નગર એ પોલીસનગર બની જવા પામ્યુ છે અને શહેરને જાણે એક અભેધ કિલ્લામાં ફેરવી નંખાયુ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૭ના કારણે ગાંધીનગર આખામાં જ્યાં નજર કરો ત્યાં ખાખીવર્દી જ જોવા મળી રહી છે. શહેરના તમામ પ્રવેશદ્વારો પર પોલીસની ટીમો ખડકી દેવાઈ છે, દરેક મુખ્ય માર્ગો અને સર્કલો પર પોલીસની હાજરી દરરોજ કરતા વધુ મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે. તા. ૯મી જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનને પગલે શહેરને અભૂતપૂર્વ સુરક્ષાના લોખંડી જાપ્તા હેઠળ જાણે બાનમાં લેવાયુ હોય દતેવી હાલત જોવા મળી રહી છે. આ ઉપરાંત વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશના વીવીઆઈપી મહેમાનો, અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રિય મંત્રીઓ, બીઝનેસ ટાયકૂન્સ સહિત અઢળક સંખ્યામાં આવી રહેલ વીવીઆઈપી, વીઆઈપી સેલિબ્રિટીઓના કારણે ચાંપતી સુરક્ષાના પગલા લેવાઈ રહ્યાં છે. વાઈબ્રન્ટ સમિટ આ વખતે ભાજપ સરકાર માટે અત્યંત મહત્વની હોઈ તેમાં કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ના બને તેની તકેદારીના ભાગરૂપે ઠેર-ઠેર, ખૂણે ખાંચરે અને દરેક ચાર રસ્તે તથા મહત્વના સ્થળોએ ખાખીવર્દીની હાજરી અચૂક જોવા મળી રહી છે. આમ સમગ્ર શહેરમાં પોલીસની હાજરી ઉડીને આંખે વળગે તેવી હોવાથી નગરજનો અચંબો પામી રહ્યા છે અને ખાસ કરીને વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની તકેદારી રાખતા જોવાઈ રહ્યાં છે.

## શહેરમાં વાયબ્રન્ટને પગલે ૧૦ થી વધુ ૧૦૮ સ્ટેન્ડ ટુ

ગાંધીનગર, તા.૮ ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટને અનુલક્ષીને તમામ તંત્ર સાબદુ થઈ ગયું છે. વાયબ્રન્ટ સમિટના પ્રારંભને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.શહેરને રોશનીથી ઝળહળતુ કરી દેવામાં આવ્યું છે. સરકારી કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓ સ્ટેન્ડ ટુ ફરજ બજાવી રહ્યા છે. ત્યારે સતત દોડાદોડ કરતી ૧૦૮ની જવાબદારી પણ વધી જવા પામી છે. ઈએમઆરઆઈ દ્વારા જિલ્લામાં ૧૫ ઈમરજન્સી વાન ૧૦૮ ફાળવાઈ છે.પરંતુ વાયબ્રન્ટને પગલે ૧૦૮ની સેવામાં વધુ ૮ એમ્બ્યુલન્સનો વધારો કરવામાં આવ્યો છે. તેમાં ચાર અમદાવાદથી ગાંધીનગરના રુટ પર અને બે મહાત્માં મંદિર તેમજ બે એકઝીબેશન સેન્ટર પર હાજર રાખવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટનો નજારો જોવા માટે રાજયભરમાંથી લાખો પ્રજાજનો ઉમટી પડે છે. પાંચ દિવસ સુધી શહેરમાં માનવ મહેરામણ ઉભરાશે. વાયબ્રન્ટને પગલે શહેરને રોશનીથી ઝળહળતું કરી દેવામાં આવ્યું છે. તમામ વિભાગોના અધિકારીઓને વાયબ્રન્ટમાં રાતદિવસના ઉજાગરા કરવા પડ્યા છે ત્યારે વાયબ્રન્ટની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે શહેરમાં આવતા માનવ મહેરામણને ધ્યાને રાખીને સતત સેવા આપતી ૧૦૮ની ઈમરજન્સી સેવામાં પણ વધારો કરી દેવામાં આવ્યો છે. અત્યારે હાલ ગાંધીનગર જિલ્લામાં ૧૫ ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા બજાવી રહી છે. જયારે વાયબ્રન્ટને પગલે વધુ ૮ ૧૦૮ની એમ્બ્યુલન્સ મુકવામાં આવી છે. જેમાં ચાર ૧૦૮ ઈમરજન્સી અમદાવાદ થી ગાંધીનગરના માર્ગો પર તૈનાત રહેશે. એરપોર્ટ, નારાયણી હાઈટ્સ, કોબા તેમજ કુડાસણનો સમાવેશ થાય છે. જયારે બે મહાત્મા મંદિર અને બે એકઝીબેશન હોલ ખાતે સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે. જયારે જિલ્લામાં કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગર મળીને કુલ ૧૫ ઈમરજન્સી વાન ૧૦૮ ફરજ બજાવી રહી છે. શહેરમાં વાયબ્રન્ટમાં જીએમઆરઆઈ દ્વારા ૮ ઈમરજન્સીવાન વધુ મુકવામાં આવતા જિલ્લામાં કુલ-૨૩ ૧૦૮ તૈનાત રહેશે.

## વાઈબ્રન્ટમાં આવતા ઉદ્યોગોને કારણે રોજગાર પ્રદાન કરવામાં ગુજરાત દેશમાં અગ્રેસર બન્યું છે

ગાંધીનગર, તા. ૮ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વાઈબ્રન્ટની સમિટની સફળતા નહીં સાંખી શકનારા વિઘ્નસંતોષીઓ તેને તાયફો કહે છે તેની આકરી આલોચના કરતાં કહ્યું કે, વાઈબ્રન્ટમાં આવનારા રોકાણો, એમ.ઓ.યુ. રાજ્યમાં કાર્યરત થાય જ છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ ઉમેર્યું કે ૬૦૦ કરોડના ખર્ચે અમદાવાદમાં નિર્માણ થનારૂ આઈ.ટી.સી. નર્મદા તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. રાજ્યના યુવાનોને રોજગાર અવસરો વાઈબ્રન્ટ સમિટથી આવતાં રોકાણો અને ઉદ્યોગોને પરિણામે મળી છે તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું કે, સૌથી ઓછા બેરોજગારો ગુજરાતમાં છે. પાછલા દોઢ દાયકાથી ગુજરાત રોજગાર અવસર આપવામાં પ્રથમ રહ્યું છે. એકલા ગુજરાતે દેશમાં ૮૦ ટકા રોજગારી આપી છે. વિજયભાઈ રૂપાણીએ અમદાવાદમાં આઈ.ટી.સી. ગ્રુપ દ્વારા નિર્માણ થનાર આઈસીટી નર્મદાનું ભૂમિપૂજન કરતાં ઉમેર્યું કે, આવા પ્રકલ્પો પ્રત્યક્ષ-પરોક્ષ રોજગાર આપનારા બનવાના છે.

વિજયભાઈએ ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે તેમ ટુરિઝમનું વર્લ્ડ ક્લાસ ડેસ્ટિનેશન બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ રાજ્યની ઐતિહાસિક પ્રવાસન-સાંસ્કૃતિક ધરોહર વિશ્વ પ્રવાસીઓ સમક્ષ મુકવાનો આઈટીસી નર્મદાએ તેના નિર્માણમાં ખ્યાલ રાખ્યો છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

